**તા.૨૯ /૦૧/૨૦૧૯ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સામાન્ય સભાની કાર્ય નોંધ.**

**સભામાં હાજર રહેલા સભયશ્રીઓ.........**

| અ.નં. | સભ્યશ્રીઓના નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | પંકજ ઠાકોરભાઈ આહીર | પ્રમુખ |
| ૨. | ઉર્મિ આશિષકુમાર દેસાઈ | ઉપપ્રમુખ |
| ૩. | ભરતભાઈ છોટુભાઈ પટેલ | સભ્ય |
| ૪. | નિમિષાબેન ગીરિશકુમાર ટંડેલ | સભ્ય |
| ૫. | વર્ષાબેન અમિતકુમાર પાનવાલા | સભ્ય |
| ૬. | રાજેશભાઈ દશરથભાઈ રાઠોડ | સભ્ય |
| ૭. | ઉજેશકુમાર ઈશ્વરભાઈ પટેલ | સભ્ય |
| ૮. | છાયાબેન ઉમેશભાઈ પટેલ | સભ્ય |
| ૯. | ઉર્વશી રાજેશભાઈ પટેલ | સભ્ય |
| ૧૦. | રાજેશ મંગુભાઈ પટેલ | સભ્ય |
| ૧૧. | હિતેશ સુરેશભાઈ રાણા | સભ્ય |
| ૧૨. | મહેમુદા ઈસ્માઈલભાઈ રાણા | સભ્ય |
| ૧૩. | ગિરીશભાઈ ભગવાનજીભાઈ દેસાઈ | સભ્ય |
| ૧૪. | કમળાબેન અવધેશકુમારસિંગ ઠાકોર | સભ્ય |
| ૧૫. | ચેતનાબેન રાકેશભાઈ રાજાણે | સભ્ય |
| ૧૬. | વિજય સહદેવભાઈ પટેલ | સભ્ય |
| ૧૭. | સંજય દશરથરાવ ચૌહાણ | સભ્ય |
| ૧૮. | કલ્પના રાજેશભાઈ ભાનુશાલી | સભ્ય |
| ૧૯. | કિરણભાઈ પરભુભાઈ ભંડારી | સભ્ય |
| ૨૦. | પ્રવિણભાઈ પરસોતમ ભાનુશાલી | સભ્ય |
| ૨૧. | ભારતીબેન મનોજ પટેલ | સભ્ય |
| ૨૨. | સોનલ તેજસભાઈ સોલંકી | સભ્ય |
| ૨૩. | યશેષ જયસુખભાઈ માળી | સભ્ય |
| ૨૪. | બાલકૃષ્ણ જીવરાજભાઈ પટેલ | સભ્ય |
| ૨૫. | સબીના સાજીદ શેખ | સભ્ય |
| ૨૬. | નઝમા અમીર શેખ | સભ્ય |
| ૨૭. | રમેશભાઈ મંગળદાસ પટેલ | સભ્ય |
| ૨૮. | ઈમ્ત્યાઝુદ્દીન મીયાંમોહમ્મદ કાઝી | સભ્ય |
| ૨૯. | જેષ્ટીકા દર્શન પટેલ | સભ્ય |
| ૩૦. | ધર્મેશભાઈ અરવિંદભાઈ પટેલ | સભ્ય |
| ૩૧. | રૂષિકાકુમારી પ્રિયંકકુમાર આહિર | સભ્ય |

| | | |
|---|---|---|
| ૩૨. | **ર્ડા પુષ્પાબેન  રામજોર ઓઝા** | સભ્ય |
| ૩૩. | **નિતેશભાઈ   મહાદેવભાઈ  વશી** | સભ્ય |
| ૩૪. | **સોનલબેન  કિશોરભાઈ પટેલ** | સભ્ય |
| ૩૫. | **કિન્નરીબેન  અમિષભાઈ પટેલ** | સભ્ય |
| ૩૬. | **ધર્મેશભાઈ  અરૂણભાઈ પટેલ** | સભ્ય |
| ૩૭. | **પ્રવિણભાઈ  સોમાભાઈ પટેલ** | સભ્ય |
| ૩૮. | **હેતલકુમારી  જયેશભાઈ પટેલ** | સભ્ય |
| ૩૯. | **પ્રવિણાબેન  સુનિલભાઈ પટેલ** | સભ્ય |
| ૪૦. | **મહેબુબ  ગુલશેરખાન પઠાણ** | સભ્ય |
| ૪૧. | **રવિન્દ્રભાઈ  રામચંદ્રભાઈ મહાકાલ** | સભ્ય |

સભાની શરૂઆત વંદેમાતરમથી કરવામાં આવી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, આજની આ સભામાં ઉપસ્થીત સૌ મારા સાથી સભ્યશ્રીઓ ,તેમજ ચીફ ઓફિસર શ્રી વસાવા સાહેબ, અધિકારીશ્રી, કર્મચારીશ્રીઓ, પત્રકારો મિત્રો, નગરજનોને સૌને આવકારૂં છું.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, સૌને મારા નમસ્કાર.

પૂર્વ માજી પ્રમુખ સ્વ.સુધાબેન દેસાઇ નું દુ:ખદ અવસાન થયેલ છે. આ પ્રસંગની નોંધ લઈ તેઓશ્રીએ વલસાડ નગરપાલિકામાં સને:૧૯૭૫ થી ૨૦૦૩ સુધીના લાંબા સમયગાળા દરમ્યાન નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાતા આવેલ હતા. અને તા:- ૨૩/૦૧/૨૦૦૦ થી ૨૨/૦૧/૨૦૦૧ સુધીના કાર્યકાળ દરમ્યાન નગરપાલિકાના પ્રમુખ તરીકે પણ અમુલ્ય સેવાઓ આપી હતી. તેમજ નગરપાલિકાના વિવિધ સમિતીઓમાં પણ સેવાઓ આપેલ હતી. તેઓશ્રીની આત્માને શાંતિ મળે તે માટે શ્રદ્ધાંજલી આપી. અને સૌએ ૨ મીનીટનું મૌન પાડ્યુ.

સૌ પ્રથમ વલસાડ નગરપાલિકા હાલે જે સમય માંથી પસાર થઈ રહી છે. તે માટે સૌ સભ્યશ્રીઓનો જે સહકાર મળી રહેલ છે. તેમજ હાલમાં ચાલતા સફાઈ અભિયાનમાં નગરપાલિકા ટીમ જોડે એન.જી.ઓ સંસ્થા તેમજ પત્રકાર મિત્રશ્રીએ જે સહયોગ આપેલ છે. આપેલ  સેવા યજ્ઞ માટે જે કિમતી સમય ફાળવી પ્રોત્સાહન પૂરૂં પડેલ  છે. એ સૌનો આભારી અને ઋણી છું.

પ્રમુખશ્રીએ સભાના કામકાજની શરૂઆત કરવા જણાવ્યુ.

સભ્યશ્રી પ્રવીણભાઈ ભાનુશાલીએ જણાવ્યુ કે  , સ્વ.સુધાબેન દેસાઇને અમારા વોર્ડ માંથી જે સેવાઓ આપેલ છે. એને સૌ લોકો યાદ કરે છે.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલે શાયરીથી શરૂઆત કરી " જિંદગી કે હર પલ........ " ગત બોર્ડ પછી બીજા દિવસે વર્તમાન પત્રોમાં આવેલ માહિતી માટે હું માફી માંગુ છું. તેમજ આપણે સૌ  લોકતંત્રની અંદર જીવનારા વ્યક્તિઓ છે. જે સબંધે વાત કરી. વરિષ્ઠ આદરણીય સભ્યશ્રીએ કહ્યું કે    , વલસાડ નગરપાલિકા બાંધકામ સમિતીના ચેરમેનશ્રીએ બોર્ડનો સમય વ્યય કરવા અંગે ચીફ ઓફિસરશ્રીને જાણ કરી હતી. મે કોઈ અન્ય માહિતી માંગી નથી. પરંતુ મારી રજુઆત જે તે વિભાગ પાસેથી માહિતી મેળવવા તથા તેઓ સામે શું પગલાં લીધા ? તે અંગે રજુઆત કરી હતી.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે , તમોને જે માહિતીઓ મળી છે , તેમજ બાકી માહિતી ઈજનેરશ્રી પાસેથી મળી રહેશે. તેમજ સૉફ્ટવેર કંપની વિશે અગાઉ પણ તમને વખતો વખત ચર્ચા કરવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા આ કામ તપાસ હેઠળ પ્રગતિમાં છે. અત્યારે કોઈ પ્રશ્ન રહેતો નથી. એજન્ડાના કામો ઉપર ચર્ચા કરીએ..

સભ્યશ્રી ઉજેશભાઇ જણાવ્યુ કે, જે માહિતી પૂરી પાડવાની થાય છે.તે પૂરી પાડો.

સભ્યશ્રી રાજેશભાઇ પટેલે (રાજુ મરચાં) જણાવ્યુ કે , કોઈ જવાબ મળતો નથી. અને સાંભળતા નથી. ડ્રેનેજ ઉભરાઇ છે. ગેરકાયદેસર બાંધકામો ચાલી રહેલ છે. ઈજનેરશ્રી હિતેશભાઈ જવાબ આપતા નથી. ટ્રાફિકની સમસ્યાઓ તેમજ શાકભાજી માર્કેટના કામો થતાં નથી. ઉશ્કેરાઈ જઈ મોટા અવાજે કહ્યું: પ્રજાના કામ કરો.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે, શાંતિ જાળવો. કામો કરાવીએ જ છીએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, શાંતિ જાળવો. કામો કરાવીએ જ છીએ. એવી અપીલ કરી.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે , પીવાના પાણી માટે આવેદન પત્ર તેમજ સૂચનો રજુ કરેલ છે. તેમજ નાઇટ્રેક્ષ કંપનીને સદંતર પાણી બંધ કરવામાં આવે. અને શહેરીજનોને પૂરતા પ્રેસરથી પાણી પહોંચાડવા જોઈએ. આ માટે ટેકનીકલ સર્વેની જરૂરિયાત જણાય તો તે કરી ઝડપી કાર્યવાહી કરીએ.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે , પીવાના પાણીનો પ્રશ્ન નહેર ખાતાના રોટેશન તા:- ૨૨/૦૨/૨૦૧૯ થી શરૂ થાય. એટલે હલ થાય એમ છે. અને અન્ય વિકલ્પ તરીકે બોરીંગ , હેન્ડ પંપ વ્યવસ્થા કરીએ. અને નહેરમાં રીપેરીંગ કામ ચાલે છે. એ પૂર્ણ થતાં પાણી પુરવઠો વ્યવસ્થિત થઈ જશે.

સભ્યશ્રી નિતેશભાઇ વશીએ જણાવ્યુ કે , દમણ ગંગા ડેમ માંથી પાણી લાવવા માટેની ફાઇલ કયા સ્ટેજે છે. અને કલવાડા નહેરથી નગરપાલિકાના ડેમ સુધી પાઇપ લાઇન નાખવા કરેલ સૂચન ધ્યાનમાં લેવા વિનંતી.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે , ધારાસભ્યશ્રી જોડે ચર્ચા મુજબ સરકારશ્રી દ્વારા અમલવારી સબંધેની કાર્યવાહી પ્રગતિમાં છે.

સભ્યશ્રી મહેબૂબ ગુલશેર ખાન પઠાણે જણાવ્યુ કે , અબ્રામા વિસ્તારમાં વોર્ડ નં:૯ અને ૧૧ માં સરસ્વતી સ્કૂલ પાસે તેમજ દેરા ફળિયા વિસ્તારમાં બીલ્ડર દ્વારા કુદરતી કાસની જગ્યા ઉપર ડેવલપમેન્ટ પ્લાન્ટ કરવાથી સ્થાનિક લોકોને મુશ્કેલી થાય એમ છે. અને કુદરતી વહેણમાં અવરોધ ઊભો થાય એમ છે.

સભ્યશ્રી રમેશભાઈ પટેલે જણાવ્યુ કે , પાણીની સમસ્યા નિરાકરણ માટે એક દિવસમાં એક વાર પાણી પૂરતા પ્રેસરથી મળે , તે માટે ઝોન વાર વિભાજન કરી આપાવા સૂચન છે.

સભ્યશ્રી રાજેશભાઇ પટેલે (રાજુ મરચાં) જણાવ્યુ કે , સમગ્ર બોર્ડનું હું ધ્યાન દોરું છું કે , ધારાસભ્યશ્રી ભરતભાઇને રજુઆત કરવી જોઈએ. કે તેઓ પાંચ ગામોને પાણી આજ ડેમ માંથી આપે છે . અને વલસાડ શહેરને કેમ નહી?

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલે જણાવ્યુ કે , નગરજનોને પાણી ઓછું મળે અને કંપનીને પાણી આપો છો , એ કયા ભાવે આપો છો. પાણી દરરોજ મળવું જોઈએ. ઉગ્ર બની કહ્યું કે : જુદા જુદા વિસ્તારોમાં બોરીંગ કરવા માટે હમોને વિશ્વાસમાં લીધા ખરા ? ઠરાવ કર્યો કે કેમ ? બોર કેટલા કર્યા ? કયા સભ્યોને વિશ્વાસમાં લીધા ? પોતાની બેઠક છોડી સભ્યશ્રી યશેષભાઈ માલી સાથે પ્રમુખશ્રીના ટેબલ પાસે આવી રજુઆતો કરી. અમારા સવાલના જવાબો આપો ?

સભ્યશ્રી ભારતીબેન પટેલ ગયા.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે, પાણી પુરવઠો પૂરો પાડવા, અસાધારણ પરિસ્થિતિને પહોંચી વળવા ઇમરજન્સીમાં નિતી નિયમોની મર્યાદામાં રહી, કામો કરાવેલ છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, આપશ્રીની રજુઆતો શાંતિથી કરો. કામગીરી ચાલુ છે. સૌને રજુઆત કરવાની તક મળશે. એક સાથે સૌ ઉગ્ર રજુઆત ન કરો. શાંતિ જાળવવા વારંવાર અપીલ કરી.

સભ્યશ્રી રમેશભાઈ પટેલે જણાવ્યુ કે, વોર્ડ વાર બોરની વ્યવસ્થા કરવાની કામગીરી અંગે સૂચન કર્યું.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, સ્થાનિક ભૌગોલિક પરિસ્થિતી જણાવી લીસ્ટ આપો જેથી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે.

સભ્યશ્રી રાજેશભાઇ પટેલે (રાજુ મરચાં) જણાવ્યુ કે, બોર અંગે સભ્યોને વિશ્વાસમાં લઈ સાથે મળી રજુઆત કરીએ.

સભ્યશ્રી કિરણભાઈ ભંડારી ગયા.

સભ્યશ્રી યશેષભાઈ માલીએ જણાવ્યુ કે, ઉચિત જવાબ આપો, શાળામાં બાળકોની સંખ્યા ઓછી છે. શહેરના હિતમાં નિર્ણય લેવાયેલ નથી. ઉપરવટ જઈ કામ કરેલ છે. રજુઆતો ચાલુ રાખી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, શાળા શરૂ થઈ તેમાં બાળકો અભ્યાસ કરે. એવો શુભ આશ્રયથી બનાવવામાં આવેલ છે. બાળકો શાળામાં દાખલ થાય. એવા સૌ પ્રયત્નો કરીએ. આ અંગે અગાઉ પણ ચર્ચા થઈ ગયેલ છે. યોગ્ય રીતે રજુઆત કરો. અને શાંતિ જાળવો.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલે જણાવ્યુ કે, બાળકોની સંખ્યા કેટલી? એવી ઉગ્ર રજુઆતો ચાલુ રાખી

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે, સ્કુલ બિલ્ડીંગ બનાવેલ છે. નગરપાલિકા જે તે સમયે સારું કામ કરેલ છે. હાલે કામ પુર્તતાને આરે છે. ગરીબ બાળકો સારું શિક્ષણ મેળવે. અને કેવી રીતે આગળ આવે. તે જે તે સમયે વિગતવાર ચર્ચાઓ કરી નિર્ણય લેવાયેલ છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર હશે. સુવિધાઓ હોય તો , બાળકોની સંખ્યામાં વધારો થાય. અને આ માટે ૧ કરોડ જેટલી રકમનું માતબર દાન મળેલ છે. યોગ્ય રીતે રજુઆત કરો. અને શાંતિ જાળવો.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે , સારી રીતે ઇંગલીશ મીડિયમ સ્કુલ કેવી રીતે ચાલુ કરી શકીએ ? તે કાર્યવાહી શરૂ થવી જોઈએ.

પ્રમુખશ્રીએ એજન્ડાના કામો શરૂ કરવા જણાવ્યુ.

**<u>જ.બો.ઠ.નં.-૬૪૫/ તા.૨૯-૦૧-૨૦૧૯.</u>**

<u>કામ નં.૧ :-</u>

<u>વિષય :-</u> તા.:૩૦-૧૦-૨૦૧૮ ના રોજ મળેલ સભાની કાર્યનોંધ વંચાયેલી ગણી કન્ફમ કરવા બાબત.

દ.મુ. :- શ્રી ભરતભાઇ પટેલ

ટે.આ. :- શ્રી ઉર્મિબેન દેસાઇ

સભ્યશ્રી યશેષભાઈ માલીએ પોતાનો વિરોધ નોંધવ્યો. અને કારોબારી ચેરમેનશ્રી પાસેથી માઇક ઝૂંટવી ભારે શોર મચાવ્યો.

સભ્યશ્રી કલ્પનાબેન ભાનુશાલી ગયા.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે , યશેષભાઈ શાંતિ જાળવો. શાળા સૌના સાથ સહકારથી સારી ચાલે તેવા સૌ સાથે મળી કામગીરી કરીએ.

સભ્યશ્રી યશેષભાઈ માલીએ જણાવ્યુ કે, એ વાત સાથે સંમત છું. પરંતુ મને ઉચ્ચિત જવાબ મળ્યો નથી. એમ કહી ફરી વાર પોતાની રજુઆતો ચાલુ રાખી.

સભ્યશ્રી ઉજેશભાઇ પટેલ , રાજેશભાઈ પટેલ , યશેષભાઈ માલી. પ્રવિણભાઇ ભાનુશાલી બેઠક છોડી પ્રમુખશ્રી/ચીફ ઓફિસરશ્રીના ટેબલ પાસે આવ્યા.

સભ્યશ્રી નિમિષાબેન ટંડેલ : ટી.પી.કમિટી એજન્ડામાં કેટલા કામો લીધા.

સભ્યશ્રી હેતલબેન પટેલ ટી.પી.ચેરમેનશ્રીને સભ્યશ્રી રાજેશભાઇ પટેલ (રાજુ મરચાં)અને ઉજેશભાઈ પટેલ , યશેશભાઇ માલીએ ટી.પી.ના એજન્ડા વિષે શોર બકોર મચાવી જવાબ આપવા માટે વારંવાર રજુઆતો કરી.

સભ્યશ્રી રાજેશભાઇ પટેલ (રાજુ મરચાં): એજન્ડા નિયમ મુજબ આપી શકો કે કેમ ? આક્રમક વલણથી રજુઆતો કરી. સુત્રોચ્ચાર કર્યા. ચોર છે. કર્મચારીઓ ક્યાં ગયા છે. કોઈના પર અંકુશ નથી. બિલ્ડરોને છાવરો છો. ચોર છે.ભ્રસ્ટાચારનું કેન્દ્ર બનાવ્યું. નગરપાલિકા ચોર છે. વારંવાર ઉચ્ચારો કર્યા. પ્રજાનું શું થશે. ચોર બેઠેલા ખીસા ભરો છો. રાજીનામું આપો.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે: ટી.પી ના કામો ટી.પી કમિટી નક્કી કરે છે. સરકારના પ્રતિનિધિ પણ કમિટીમાં હોય છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે: શાંતિ જાળવવા જણાવ્યુ.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ : જે તે સમયના શહેરના હિતના કામોની ચર્ચા કરીએ. કારણ કે , વલસાડ એ માજી વડાપ્રધાનશ્રી મોરારજીભાઇ દેસાઇનું ગામ છે. આ કામ પાછળ કેટલો ખર્ચ થયેલ ? વલસાડ નગરપાલિકાના હિતમાં કામો કર્યા હોય, તો શ માટે નુકશાન ભોગવવા પડે. અને વલસાડ શહેરના હિતમાં સ્કુલ જરૂરી હતી કે કેમ ?

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે: સ્કુલ બાબતે સ્કુલ શાખાના કર્મચારી મેઘનાથભાઈ ડાંગને વિગતો આપવા જણાવ્યુ.

સભ્યશ્રી યષેશભાઈ માલી , અને ઉજેશભાઇ પટેલે : મેઘનાથભાઈ ડાંગ વિગતો આપવા ઊભા થયા. તેઓને બેસાડી દીધા.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે , તમારી અગાઉ ભૂતકાળમાં શાળા , શોપિંગ મોલ, કલ્યાણ બાગ, શોફ્ટ્વેર ખરીદી , હોસ્પિટલ જેવા રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની જે તે વખતે મંજુરી મેળવી . કામો પૂર્ણતાને આરે છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, યોગ્ય રીતે રજુઆતો કરો.અને શાંતિ જાળવો.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ : ૧૪ માં નાણાપંચની ડિટેલ વાંચો. માઇક આપો ? માઇક આપો ? ઉચ્ચાર કર્યા. પ્રધાન મંત્રી આવાસ યોજના ની માહિતી આપો.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે ,સરકારશ્રી દ્વારા તપાસ ચાલુ છે. હોસ્પીટલમાં ગરીબ બાળકો ફાયદો લઈ રહેલ છે. નકારાત્મક વલણ ન દાખવીએ. છેલ્લી બોર્ડમાં ચર્ચા થઈ ગયેલ છે. ખોટી એકની એક વાતમાં સમય બગાડો છો. એજન્ડા બહારની ચર્ચા કરવાનો શું મતલબ. અને જે કામો થયા છે. એ હોસ્પીટલ રાહત દરે સેવા માટે સ્પોર્ટસ કોમ્પલેક્ષ તેમજ ઓડિટોરિયમમા મોટી સંખ્યામાં શહેરીજનો લાભ લઈ રહ્યા છે. આજ રજુઆત અગાઉ આવી ગયેલ છે. આપનો આ બાબતે યોગ્ય રીતે રજુઆત હોય તો લખાવી દેવી. એજન્ડાના કામો શરૂ કરો.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ : કેમ ? કેમ? કેમ? જવાબ આપો , કામો પછી કહી, ઉગ્ર સ્વરૂપ ધારણ કરી જોરશોરથી બૂમો પાડવા લાગ્યા.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, એજન્ડાના કામો પર આવો. શાંતિ જાળવો ઉજેશભાઇ, માલીભાઈ.

સભ્યશ્રી ઉર્વશીબેન પટેલ : મારી ૫૧ (૩) ની અરજી કર્મચારી બદલી શું પરિસ્થિતી છે ?

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે , હાલે પરિસ્થિતી જોતાં સૌનો પૂરેપૂરો સહયોગ જોઈએ છે. જેથી પાયાની જરૂરિયાત પૂરી પાડવા પ્રયાસો કરીએ. જે વ્યક્તિનું કામ જે તે ડિપાર્ટમેન્ટમાં હોય અને કામમાં વિક્ષેપ ન પડે અને તેઓના અનુભવને પણ ધ્યાને લેવાનું હોય છે. અને યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

સભ્યશ્રી ડો.પુષ્પાબેન ઓઝા ગયા.

સભ્યશ્રી યશેષભાઈ માલી: શહેરી વિકાસ યોજના હેઠળની ગ્રાન્ટ મળે છે ? રામવાડી વિસ્તરના શૌચાલયો સારી પરિસ્થિતિમાં નથી.

સભ્યશ્રી રાજેશભાઇ પટેલ (રાજુ મરચાં): શહેરમાં શૌચાલયની સારી વ્યવસ્થા છે? જાહેરમાં જવું પડે છે.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ : શૌચાલય સર્વે કરી , શૌચાલય સારી વ્યવસ્થા પૂરી પાડી શકીએ. અને આવાસો ,માટે શું થઈ શકે?

ચીફ ઓફિસરશ્રી જણાવ્યુ કે, હાલે સર્વે ચાલી રહેલ છે. અને જૂના જર્જરિત શૌચાલય દૂર કરી , નવા બનાવવાના છે. તેમજ સરકારશ્રી દ્વારા ૨૦૨૨ સુધીમાં પ્રધાન મંત્રી આવાસ યોજના હેઠળ આવાસો પૂરા પાડવા. યોજના અમલમાં છે. નગરપાલિકા આવાસના કામ પોતે કરતી નથી. કન્સલટન્ટ રોકેલ છે. અને લાભાર્થીએ પોતેજ પોતાના કામોની દેખરેખ રાખવાની થાય. કામના લેવલ મુજબ લાભાર્થીઓના ખાતામાં ગ્રાન્ટ જમા થાય છે. નગરપાલિકા પાસે પેન્ડિંગ નથી.

સભ્યશ્રી કમળાબેન ઠાકોર ગયા.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે , ગત બોર્ડના કામ નં:૪ માં ટેન્કર ગાડી મારફત અપાતા પાણી માટે એપાર્ટમેન્ટના અંદર ગ્રાઉન્ડ સંપ માટે ઘર વપરાશના ચાર્જિસમાં ,શુભ અથવા અશુભ પ્રસંગે ઘર વપરાશમાં આપતા પાણીના ચાર્જિસ મુજબ વસૂલ થવા જોઈએ.

પ્રમુખશ્રીએ નિતેશભાઈની રજુઆત સબંધે ચર્ચા-વિચારણા કરી, સર્વ સંમતિથી નીચે મુજબ સુધારો કર્યો. " શુભ-અશુભ પ્રસંગના હદ વિસ્તારના ઘર વપરાશના દર મુજબ એટલે કે રૂપિયા ૪૦૦/- મુજબ " વસૂલ લેવાનું ઠરાવવામાં આવ્યું. ત્યાં ટેન્કરનો ભાવ વ્યક્તિગત અને એપાર્ટમેન્ટના ભાવો એકસરખા રાખવા.

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ જણાવ્યુ કે , ડી.એસ.પી.ઓફિસ , નવરંગ લસ્સી જેવા ટ્રાફિક સર્કલો પાસે ફલાય ઓવર તથા કોઝવે બાબતોની ચર્ચા સબંધે આર. એન્ડ બી વિભાગમાં પાસે સર્વે કરી લોકોને સારી સુવિધા માટેની રજુઆત કરી.

પ્રમુખશ્રીએ નિતેશભાઈની રજુઆત સબંધે ચર્ચા-વિચારણા કરી , સર્વ સંમતિથી આર. એન્ડ બી વિભાગને જરૂરી પત્ર પાઠવી દરખાસ્ત કરવાનું ઈજનેરશ્રીને સૂચન કર્યું.

સભ્યશ્રી રાજેશભાઇ પટેલ , છાયાબેન પટેલે જણાવ્યુ કે , ઘડોચી તળાવ પીચીંગ પાસે રેલ ગ્રસ્ત વિસ્તાર પાસે ગણેશ વિસર્જન, તાજિયા, દશામાનું વિસર્જન થતું હોય છે. જ્યાં પરિસ્થિતી ખરાબ છે. ત્યાં બ્લોક બેસાડવા જોઈએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, અમૃત યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.

સભ્યશ્રી સોનલબેન પટેલ : અબ્રામા દક્ષિણ વિસ્તારમાં પાણી આવતું નથી. તેમજ કચરો લેવા કોઈ આવતું નથી.

કામ નં:- ૧ માં સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ , સબીના શેખ ,સોનલબેન પટેલ , યશેષભાઈ માલીએ પોતાનો વાંધો નોંધાવ્યો.

સભ્યશ્રી જેષ્ટિકાબેન પટેલ ગયા.

સભ્યશ્રી ઉજેશભાઈ પટેલ: વ.કા.નં.: ૧૪ ,૧૫,૧૬ મોબાઈલ ટાવર અંગે જુદી જુદી એજન્સીઓ એન.ઓ.સી બાબતે રજુઆત કરી. રસ્તા મરામત અંગે કેટલી ફી લઈએ છીએ?

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે , મોબાઈલ ટાવર અંગે એજન્સીઓ સુવિધાઓ માટે કામગીરી કરે છે. અને તે માટે સરકારશ્રીએ નિયત કરેલ ફી વસૂલ કરવામાં આવે છે. કોર્ટમાં જાય. ખોટી રીતે આપવાના કારણે પ્રાઈવેટ માલિકો હોય.જે નગરપાલિકા અટકાવે છે.

સભ્યશ્રી રાજેશભાઇ પટેલ(રાજુ મરચાં) : મોબાઈલ ટાવર ઊભા કરેલ છે. પરંતુ લાઇટો ચાલતી નથી.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે , સરકારશ્રીના પરિપત્ર મુજબ કામગીરી કરવા તથા લાઇટો ચાલુ કરવા તથા ત્યારબાદ મંજૂરી આપવા ઇજનેરશ્રીને સૂચના આપીએ.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઇ : હાઇમસ્ટ લાઇટના ઠરાવોમાં ભૂલ થયેલ છે. સર્વાનુમતે રદ કરી મેન્ટેનન્સ કરવાની જવાબદારી એજન્સીને સોપવા ઠરાવવામાં આવ્યું અને લેખિતમાં જાણ કરીએ.

સભ્યશ્રી સોનલબેન પટેલ , નિતેશભાઈ વશી : રસ્તાઓને નુકશાન થયેલ છે. નુકસાન અંગે ખોદકામના રીપેરીંગ બાંધકામ શાખા દ્વારા પેચ વર્ક કરાવીએ. અને એજન્સી પાસેથી તેની રકમ વસૂલ કરવી. શ્રી ગિરીશભાઇ દેસાઇએ શોપીંગ સેન્ટરોમાં તા:- ૩૦/૧૦/૨૦૧૮ ની મીનીટસના કામ નં:- ૨૬ માં શરત નં-૧ માં કારોબારી સમિતીની સંમતિથી બીજા પક્ષને વેચાણ કે ટ્રાન્સફર કે પેટાભાડુત અંગે નિર્ણય લેવાનો રહેશે.

પ્રમુખશ્રીએ સદર રજૂઆતને સહમતી દર્શાવી.

સભ્યશ્રી મહેબૂબ ગુલશેર ખાન પઠાણ અને ગિરીશભાઇ દેસાઇ : સામાન્ય સભા તા:- ૩૦/૧૦/૨૦૧૮ ના કામ નં:- ૨૬ માં નગરપાલિકા માલિકીના શોપીંગ સેન્ટર / માર્કેટ દુકાન , સ્ટોલ , પ્રિમાઈસીસના કબજા હક ધરાવતા ભાડૂઆતો/ કબજેદારો નામફેરની શરતોમાં પ્રથમ પક્ષકારની લેખિત પરવાનગી વિના બીજા પક્ષકાને વેચાણ કે ટ્રાન્સફર ભાડાપેટે આપી શકશે નહી. લેખિત સંમતિ પ્રથમ પક્ષકારની (નગરપાલિકાની) મેળવવાની રહેશે.

પ્રમુખશ્રીએ સદર રજૂઆતને સહમતી દર્શાવી.

ઠરાવ:-

તા.૩૦-૧૦-૨૦૧૮ ના રોજ મળેલ જેની કાર્યનોંધ દરેક સભ્યશ્રીઓને પાઠવવામા કાર્યનોંધ આપવામાં આવેલ છે. જે વંચાયેલ ગણી સભ્યશ્રીઓના આવેલ વાંધાઓની નોંધ લઈ બહુમતીએ મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

બ.મ.મંજુર....

**<u>જ.બો.ઠ.નં.-૬૪૬/ તા.૨૯-૦૧-૨૦૧૯.</u>**

<u>કામ નં.૨ :-</u>

<u>વિષય :-</u> વલસાડ નગરપાલિકાના તા.:૦૧/૦૪/૨૦૧૮ થી તા.:૩૦/૦૯/૨૦૧૮ સુધીના સમયનો છ માસિક હિસાબ તથા તા.:૦૧/૦૪/૨૦૧૮ થી તા.:૩૧/૧૨/૨૦૧૮ સુધીના સમયનો નવ માસિક હિસાબ મંજુર થવા બાબત..

દ. મુ. :-**ભરતભાઇ સી.પટેલ**

ટે.આ. :- **ઉર્મિબેન એ.દેસાઇ.**

**સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઇ**: છ માસિક હિસાબ તથા નવ માસિક હિસાબો નોટીશ બોર્ડ ઉપર મૂકવા.

સભ્યશ્રી યશેષભાઈ માલી: સ્ટોક રજીસ્ટર વોટર વર્કસ તેમજ અન્ય શાખાઓમાં રાખે છે કે કેમ ?

પ્રમુખશ્રીએ: સૂચના આપી દરેક શાખાઓ યોગ્ય કાળજી રાખી ધ્યાન રાખીએ.

<u>ઠરાવ :-</u>

વલસાડ નગરપાલિકાના તા.:૦૧/૦૪/૨૦૧૮ થી તા.:૩૦/૦૯/૨૦૧૮ સુધીના સમયનો છ માસિક હિસાબ તથા તા.:૦૧/૦૪/૨૦૧૮ થી તા .:૩૧/૧૨/૨૦૧૮ સુધીના સમયનો નવ માસિક હિસાબ મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

**<u>જ.બો.ઠ.નં.-૬૪૭/ તા.૨૯-૦૧-૨૦૧૯.</u>**

<u>કામ નં.3 :-</u>

વિષય.:- નગરપાલિકા અધિનિયમની કલમ ૫૧/૩ હેઠળ મોગરાવાડી પાદર દેવી મંદિર નજીક આવેલ ચોકનું નામ " સ્વ. અરવિંદભાઈ વશી " ચોક તરીકે નામકરણ કરવા બાબત.

દ.મુ.:- **સંજય ડી.ચૌહાણ**

ટે.આ.:- **ગીરીશભાઈ દેસાઇ, મહેબૂબ ગુલશેર ખાન પઠાણ, મહેન્દ્રભાઇ વાડીવાલા, વિજયભાઇ પટેલ**

<u>ઠરાવ. :-</u>

નગરપાલિકા અધિનિયમની કલમ ૫૧/૩ હેઠળ રજુ કરેલ દરખાસ્ત પરત્વે ચર્ચા – વિચારણા કરી , મોગરાવાડી વિસ્તારના "સ્વ અરવીંદભાઈ વશી " સનિસ્ઠ સેવક તરીકે સેવા બજાવેલ છે. જે ધ્યાને લઈ મોગરાવાડી વિસ્તારના પાદરદેવી મંદિર નજીક આવેલ ચોકનું નામ" " સ્વ અરવીંદભાઈ વશી ચોક '' તરીકે નામ કરણ કરવા નું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર.....

**<u>જ.બો.ઠ.નં.-૬૪૮/ તા.૨૯-૦૧-૨૦૧૯.</u>**

<u>કામ નં.૪ :-</u>

વિષય.:- નગરપાલિકા અધિનિયમની કલમ ૫૧/૩ હેઠળ શહેરના રસ્તા અને પાર્કિંગ પ્લોટ પરના ગેરકાયદેસરના દબાણ દૂર કરવા બાબત.

દ.મુ.:- નિતેશભાઈ વશી.
ટે.આ.:-યશેષભાઈ માલી, રમેશભાઈ પટેલ

સભ્યશ્રી નિતેશભાઈ વશીએ દરખાસ્ત રજુ કરી , જેમાં વલસાડ નગરપાલિકા વિસ્તારમાં દિનપ્રતિદિન ટ્રાફિકની સમસ્યા ગંભીર બનતી જાય છે. જેને કારણે શહેરના ઘણા વિસ્તારોમાં શહેરીજનોને હાડમારી વેઠવી પડે છે. જેમાં મોગરાવાડી વિસ્તારના રેલ્વે RPF મેદાન પાસેના ૨૪ મીટરના રસ્તા ૪ મીટરના થયેલ છે. જે સ્થળ ઉપર છે. જે પહોળો કરવાથી સિવિલ હોસ્પિટલ તરફ જતાં રાહત મળેલ છે. તેમજ અન્ય ટ્રાફિક સર્કલો પાસેના દબાણો વધી ગયેલ છે. ટી.પી. ડી.પી.ના રસ્તાઓ પર દબાણ થતાં , ટ્રાફિક સમસ્યા વધેલ છે. તેમજ નવરંગ લસ્સી વાળો પાર્કિંગ પ્લોટ હાઇકોર્ટનો સ્ટે મળેલ છે. જે અંગે પણ આગામી કાર્યવાહી કરવા અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

સભ્યશ્રી ગીરીશભાઈ દેસાઇએ આ સબંધે જણાવ્યુ કે , RPF પાસે ૨૪ મીટરનો રસ્તો આવેલ છે. અને ત્યાં રસ્તાઓ ઉપર પાકુ કમ્પાઉન્ડ થયેલ છે. માટે રેલવેને નોટીશ આપી કાયમી ઉકેલ લાવવો. સભ્યશ્રી ઉજેશભાઇ પટેલએ મોગરાવાડી હોલના પેપરો ચકાસી કામગીરી કરવા સુચન કર્યું. જે અંગે સભ્યશ્રી ગિરીશભાઈ દેસાઇએ અને મોગરાવાડીને ૨૦૦૬ માં વલસાડ નગરપાલિકામાં ભેળવવામાં આવેલ અને ગ્રામ પંચાયતનું મકાન પંચાયત ફંડ લોકફાળા તથા સરકારી સહાયથી બનાવેલ છે. અને નિભાવણી ગ્રામ પંચાયત કરતી આવેલ છે. સરકારી રેકર્ડ ઉપર ૧૯૫૬ થી ચાલી આવેલ છે. જે માટે ખોટી ગેર સમજ ઊભી ન થાય. તે માટે રેકર્ડ વેરીફાય કરી કામગીરી કરવામાં આવેલ છે.

સભ્યશ્રી મહેબૂબ ગુલશેર ખાન પઠાણ , પ્રવીણભાઈ ભાનુશાલી , રમેશભાઈ પટેલએ જણાવ્યુ કે , સ્વ.અમરનાથ પાંડેની તકતી અનાવરણ માટે ઠરાવ થયેલ છે. પરંતુ કામ બાકી છે. ટી.પી. ડી.પી. નો અમલ થાય તો ઘણા પ્રશ્નો હલ થાય એમ છે. અને અબ્રામા- મોગરાવાડીના ટી.પી.ડી.પી માટે ૧૭.૫૦ લાખ ચૂકવણું થયેલ છે. જેમાં જાહેર હિતમાં વસૂલાત થવી જોઈએ.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે , જેમ બને તેમ જલદીથી તકતી મૂકી અનાવરણ કરીશું. તેમજ ટી.પી ડી.પી. માટે અધિકારી/પદાધિકારીઓ સામે કાર્યવાહી થઈ રહેલ છે.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે , જે તે એજન્સીને નોટીશો આપેલ છે. અને સરકારશ્રી દ્વારા જે તે સમયના ચીફ ઓફિસરશ્રી સામે કાર્યવાહી હાથ ધરાયેલ છે. અધિકારી/પદાધિકારીઓ સામે FRI કરવાની ઠરાવ કરીએ છીએ. .

<u>ઠરાવ :</u>

વલસાડ નગરપાલિકા વિસ્તારમાં દિનપ્રતિદિન ટ્રાફિકની સમસ્યા ગંભીર બનતી જાય છે. નગરપાલિકા વહીવટી તંત્ર દ્વારા વારંવાર રસ્તાઓ પરની લારીઓ ઉઠાવવાની કામગીરી કરવામાં આવે છે. પરંતુ એક-બે દિવસમાં સામાન્ય દંડ લઈ લારીઓ પાછી આપી દેવામાં આવે છે. જેને કારણે શહેરમાં રસ્તાઓ પર દબાણ વધે છે. અને વાહનો પાર્કિંગને

કારણે ટ્રાફિક સમસ્યા વધે છે. ટ્રાફિક સર્કલની આજુ-બાજુ વાહનો પાર્ક કરી ટ્રાફિકને અડચણરૂપ થાય છે. જેને લઈ જીવલેણ અકસ્માતો થતાં હોઈ છે.

નગરપાલિકા વિસ્તારમાં આવેલ નગરપાલિકા હસ્તકના પાર્કીંગ પ્લોટો પર લારી અને કેબીન ધારકો દ્વારા દબાણો કરવામાં આવેલ છે. શહેરમાં આવેલ વિવિધ રસ્તાઓની આજુ-બાજુ દુકાનદારો અને મિલકત ધારકો દ્વારા પાકું બાંધકામ કરી દબાણો કરવામાં આવે છે. જેને લઈ શહેરના જાહેર રસ્તાઓ ના મૂળ નક્શા મુજબના માપ કરતાં અડધા જેટલા થઈ ગયા છે.

જે માટે આવેલ રજુઆત ધ્યાને લઈ અડચણ રૂપ થતાં રસ્તાઓના દબાણો દૂર કરવા સબંધિત કચેરીને નોટીશો પાઠવવી તેમજ ટી.પી.ડી.પી અંગે આગામી કાર્યવાહી કરવાનું ત્યાં ટી.પી.ડી.પી. અંગે રૂ/- ૧૭.૫૦ લાખનું ચુકવણું થયેલ તે અંગે એફ. આર.આઈ. કરવાનું ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર....

**જ.બો.ઠ.નં.-૬૪૯/ તા.૨૯-૦૧-૨૦૧૯.**

કામ નં.:૫ :-

વિષય.:- તા.:-૧૫/૦૧/૨૦૧૯ થી નગરપાલિકાના કાયમી/હંગામી કર્મચારીઓ હડતાલ પર ગયેલ તે સબંધે શહેરીજનોને આપવાની થતી પ્રાથમિક અને આવશ્યક સેવાઓ પૂરી પાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે કરવાની થતી આનુસાંગિક કામગીરી થવા સબંધે જરૂરી નિર્ણય થવા બાબત..

દ.મુ. :- ભરતભાઇ સી. પટેલ

ટે.આ. :- ઉર્મીબેન એ. દેસાઇ

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે , તા.:-૧૫/૦૧/૨૦૧૯ થી નગરપાલિકાના કાયમી/હંગામી કર્મચારીઓ હડતાલ પર ગયેલ તે સબંધે શહેરીજનોને આપવાની થતી પ્રાથમિક અને આવશ્યક સેવાઓ પૂરી પાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે કામગીરી કરાવવાની થાય છે. સદર કામગીરીને અનુરૂપ જે વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે. સદર કામગીરી કરવા તથા તે સબંધે એજન્સીઓ , સંસ્થાઓ , હંગામી કર્મચારીઓ વિગેરેને કરવાના થતાં ચૂકવણા તેમજ તે સબંધેની આનુસાંગિક કામગીરીઓના થનાર ખર્ચ અંગે જરૂરી નિર્ણય કરવો જરૂરી છે.

પ્રમુખશ્રીએ જણાવ્યુ કે, હાલની તત્કાલિન પરિસ્થિતિને અનુરૂપ જે તે એજન્સીઓ પાસેથી તેમજ બહારથી માણસો બોલાવી જે કામગીરી કરવામાં આવે છે. તે સબંધેના જરૂરી ચૂકવણાઓ સબંધે કરવાની થતી કામગીરી માટે યોગ્ય નિર્ણય કરવો હિતાવહ છે.

ચર્ચા વિચારણા કરી પ્રાથમિક સેવાઓના કામો આઉટસોર્સિંગ એજન્સી પાસે ટેન્ડર પ્રક્રિયા કરી કરાવીએ , તેમજ જો હડતાલ લાંબા સમય ચાલે તો ઓનલાઈન ટેંડરીગ પ્રક્રિયા કરવામાં આવશે. અને હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ રાબેતા મુજબની કામગીરી શરૂ કરીએ.

સભ્યશ્રી ઉજેશભાઇ પટેલે જણાવ્યુ કે, આવક વધારવા માટે રીકવરી કરવાથી સવા કરોડ રૂપિયાની માતબર રકમ મળી શકે એમ છે.

ચીફ ઓફિસરશ્રીએ જણાવ્યુ કે , નગરપાલિકાની આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે , અગાઉના જૂના પેન્ડીંગ પ્રશ્નો તેમજ વસુલાત સબંધે યોગ્ય નોટીશો ઇસ્યુ કરી કડકાઈથી પગલાં લેવામાં આવશે. શોપીંગ મોલ તેમજ વેરા આવકમાં વ્યાજબી વધારો કરી , આવકમાં વધારો થશે. જુના સમયના પેન્ડીંગ પ્રશ્નો હોય , સમય લાગશે, પરંતુ યોગ્ય પરિણામ મળશે.

ઠરાવ :-

ચર્ચા વિચારણાના અંતે હાજર સૌ સભ્યશ્રીઓની સંમતિથી હાલની તત્કાલિન પરિસ્થિતિ જોતાં તા.:-૧૫/૦૧/૨૦૧૯ થી નગરપાલિકાના કાયમી/હંગામી કર્મચારીઓ હડતાલ પર ગયેલ છે. ગુજરાત નગરપાલિકા અધિનિયમ- કલમ- ૪૫ (ધ) હેઠળ નગરપાલિકાના પ્રમુખ તાકીદના પ્રસંગોએ જે કોઈ કામ કરવા અથવા કાર્ય કરવા માટે લોકોના ઉપયોગ અથવા તેમની સલામતી માટે તાત્કાલિક જરૂર હોય. તેવા કામો કરવાનો આદેશ કરી શકે છે. અને તે અંગેનો ખર્ચ નગરપાલિકા ફંડ માથી કરવાની જોગવાઈ ધ્યાને લઈ તે સબંધે શહેરીજનોને આપવાની થતી પ્રાથમિક અને આવશ્યક સેવાઓ પૂરી પાડવા માટે વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે કામગીરી કરાવવાની થાય છે. જે માટેની જરૂરિયાત મુજબની સેવાઓ જેવી કે , પાણી પુરવઠો, ડ્રેનેજ વ્યવસ્થા, સ્ટ્રીટ લાઇટ, આરોગ્ય વિષયક સેવાઓ , ઘન કચરાનો નિકાલ , મરેલ જાનવર નિકાલ , વિગેરે પૂરી પાડવા માટે જુદી-જુદી એજન્સીઓ , સંસ્થાઓ , હંગામી કર્મચારીઓ વિગેરે પાસેથી વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે કરવાની થતી કામગીરી સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં

સેનેટરી કમિટી ઠરાવ નં.૮૭/૨૪-૧૨-૨૦૧૪ થી મંજુર થયેલ ભાવોથી તથા ટ્રેકટરો વાપી નગરપાલિકામાં મંજુર થયેલ ભાડાના ભાવોથી વાપીની ખાનગી એજન્સીઓ (૧) શ્રી અનંત શેષા કન્સ્ટ્રશન (૨ ) શ્રી ગુરુજી ઇન્ફ્રાસ્ટ્રકચર તથા (૩) શ્રી ગૌરી કોન્ટ્રાક્ટર્સ પાસેથી અનુક્રમે (૧) સેનેટરી જાવક નં:- ૮૦૩/તા:- ૧૯/૦૧/૨૦૧૯ (૨) સેનેટરી જાવક નં:- ૮૦૫/ તા:- ૨૧/૦૧/૨૦૧૯ (૩) સેનેટરી જાવક નં:- ૮૦૮/ તા:- ૨૧/૦૧/૨૦૧૯ થી વર્કઓર્ડર આપેલ છે. તેમજ વોટર વર્કસ શાખાના જાવક નં:- ૨૦૩/તા:- ૨૩/૦૧/૨૦૧૯ થી શ્રી એસ.એમ.પવાર. સુરતની એજન્સી થી મેઇન પાવર સપ્લાય કરવા માટે આપેલ વર્કઓર્ડર , ભૈરવ ભોજનલાય , રામવાડી, વલસાડ દ્વારા ઇમરજન્સીમાં રાખેલ માણસોને ભોજન વ્યવસ્થા , ડ્રેનેજ શાખા જાવક નં:- ૨૦૨/તા:- ૨૩/૦૧/૨૦૧૯ થી દરબાર વેસ્ટ સર્વિસ , સુરતને ડ્રેનેજ કામ સબંધે આપેલ વર્કઓર્ડર , તેમજ ખાનગી એજન્સીઓ પાસેથી અન્ય છુટક કામદારો , અને વાહનો લાવી કરાવેલ કામગીરીને બહાલ રાખી બીલો બનાવવા અને તેનું ચૂકવણું કરવાનું મંજુર કરવાનું . તથા જો હડતાલ લાંબા સમય સુધી ચાલે અને રાબેતા મુજબની સાનુકુળ પરિસ્થિતી પ્રસ્થાપિત ન થાય , તેવા સંજોગોમાં શહેરીજનોને પ્રાથમિક સેવાઓ પૂરી પાડવા માટે ઓનલાઈન ટેંડરીગ પ્રક્રિયા કરી કામગીરી કરવાનું મંજુર કરવાનું ઠરાવવામાં આવે છે.

વધુમાં સભ્યશ્રી ગીરીશભાઇ દેસાઇની દરખાસ્તને સભ્યશ્રી મહેબૂબ ગુલશેર ખાન પઠાણ , રમેશભાઈ પટેલ , નિતેશભાઈ વશીએ ટેકો આપી રજુઆત કરી કે,.....

૧) નગરપાલિકાના પાંચ વર્ષથી વધુ પોતાના હોદ્દા ઉપર કામ કરેલ રોજમદાર/ હંગામી કર્મચારીઓને નામદાર હાઇકોર્ટના સુચન હુકમ મુજબ તા. ૦૧/૦૧/૨૦૧૯ થી તેમના ભથ્થા નક્કી કરી, સમકક્ષ લઘુત્તમ વેતન આપવાનું સ્વીકારીએ છીએ.

૨) નગરપાલિકાની મંજુર મહેકમ પૈકી ખાલી રહેલ ૧૫૪ જેટલી જ્ગ્યા તથા હાલના સમયમાં નિર્વૃત થતાં ખાલી પડેલ મહેકમ તથા નવા જોડાયેલ વિસ્તારને મળવા પાત્ર ૯૭ જેટલી જ્ગ્યાનું મહેકમ નામદાર હાઇકોર્ટના તા. ૦૨/૧૧/૨૦૧૮ ના હુકમને ધ્યાને લઈ નવી દરખાસ્ત જૂના નિયમો મુજબ દિન-૩૦ માં કરી નિયામકશ્રી ધ્વારા મંજુર કરવાનું સુચન કરીએ છીએ.

૩) કાયમી કર્મચારીઓના સાતમા પગાર ધોરણ અને બોનસ અંગે સરકારીશ્રીમાં દરખાસ્ત કરવાનું સુચન કરીએ છીએ.

૪) આ સાથે હડતાલ ઉપર ઉતરેલા કર્મચારીઓને હડતાલ સમેટી નિયમિત સેવા બજાવવા આજની સભા અપીલ કરે છે. અને નામદાર હાઇકોર્ટમાં ઉપરોક્ત ત્રણ મુદ્દાઓ માટે આવશ્યકતા મુજબ દરખાસ્ત અને ટેકો આપનાર સોગંદનામું રજુ કરવા સહમતી દર્શાવે છે.

ઉપરોક્ત આવેલ સૂચનો પરત્વે ચર્ચા વિચારણાના અંતે ઉપરોક્ત કામની દરખાસ્ત નામદાર સરકારશ્રી સમક્ષ રજૂ કરી. એમના આદેશ મુજબ કાર્યવાહી કરવી અને હડતાલ ઉપર ગયેલ કર્મચારીઓને હડતાલ સમેટી લઈ નગરજનો તથા નગરપાલિકાના જાહેર વિશાળ હિતમાં આરોગ્ય વિષયક સેવાઓ બજાવવા ફરજ ઉપર હાજર થવા અપીલ કરતો પત્ર પાઠવવાનું ઠરાવવામાં આવ્યુ.

ઉપરોક્ત આવેલ દરખાસ્ત સબંધે ચીફ ઓફિસરશ્રીએ સરકારશ્રીના તેમજ મે.કમિશ્નરશ્રી ,મ્યુનિ. એડ. ગાંધીનગરના વિવિધ પરિપત્રો , આદેશો તેમજ ખાસ કરીને તા:- ૦૫/૦૫/૨૦૧૮ ના મે.કમિશ્નરશ્રી ,મ્યુનિ. એડ. ગાંધીનગરના પરિપત્ર સબંધે ધ્યાન દોર્યું. પ્રવર્તમાન સુચનાઓની માહિતી આપી.

પુખ્ત ચર્ચા વિચારણાના અંતે સરકારશ્રીના તેમજ મે.કમિશ્નરશ્રીના પ્રવર્તમાન આદેશો/સુચનો/પરિપત્રો ની અમલવારી કરવાની થાય છે. તેમજ સદર પરિપત્રોમાં જણાવેલ બાબતોને ધ્યાનમાં લેતા કોર્ટના ચુકાદાના અમલ માટે

પણ પરવાનગી તેમજ જરૂરી મંજુરી સરકારશ્રી/મે.કમિશ્નરશ્રીની જરૂરી હોય. સદર આવેલ દરખાસ્ત નામદાર હાઇકોર્ટના આદેશના પાલન સબંધેની હોય , સીધી રીતે નગરપાલિકાથી મંજુર કરી સ્વીકારી શકાય તેમ ન હોય , તેમજ નગરપાલિકા તરફથી હાઇકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવેલ હોય. સદર દરખાસ્ત સબંધે નગરપાલિકા મે.કમિશ્નરશ્રી,મ્યુનિસિપાલીટી. એડમીનીસ્ટ્રેશનની કચેરી, ગાંધીનગર અને સરકારશ્રી પાસેથી જરૂરી માર્ગદર્શન મેળવવા માટે સંપૂર્ણ દરખાસ્ત મોકલવાનું સર્વાનુ મતે ઠરાવવામાં આવે છે.

સ.મ.મંજુર ......

અધ્યક્ષ સ્થાનેથી રજુ થતાં અન્ય બીજા વધારાનાં કામો.

**જ.બો.ઠ.નં.-૬૫૦/ તા.૨૯-૦૧-૨૦૧૯.**

વકા નં:- ૧

વિષય:- વલસાડ નગરપાલિકાના વર્ગ -૪ ના કર્મચારીઓને વર્ષ ૨૦૧૭-૧૮ માટે બોનસ ચૂકવવા બાબત...

**અધ્યક્ષ સ્થાનેથી રજુ**

ઠરાવ:-

કારોબારી કમિટી સમિતી ઠરાવ નં:- ૩૨૫ તા:- ૦૬/૧૨/૨૦૧૮ થી ઠરાવ્યા મુજબ , વલસાડ નગરપાલિકાના વર્ગ -૪ ના કર્મચારીઓને વર્ષ ૨૦૧૭-૧૮ માટે બોનસ ચૂકવવા સબંધે એકાઉન્ટન્ટશ્રી તેમજ ચીફ ઓફિસરશ્રીની રીપોર્ટમાં જણાવ્યા મુજબ, નામદાર ગુજરાત સરકારશ્રીના ઠરાવ ક્રમાંક નં:- બનશ-૧૦૨૦૧૩/જીઓ આઈ/૧૦/ચ , સચિવાલય, ગાંધીનગર તા:- ૦૩/૧૧/૨૦૧૮ થી થયેલ હુકમ મુજબ વર્ગ-૪ ના નિયમિત ફરજ બજાવતા કર્મચારીઓને ૨૦૧૭-૧૮ ના હિસાબી વર્ષ માટે ૩૦ દિવસના વેતન જેટલું. બોનસ ચુકાવવાનું ઠરાવવામાં આવેલ છે. આ બોનસ વલસાડ નગરપાલિકાના કાયમી કર્મચારીઓને છઠ્ઠા પગાર પાંચ મુજબ જ્યાં રૂ/- ૩૫૦૦/- થી વધુ પગાર હોય ત્યાં મહત્તમ મર્યાદા રૂ/- ૩૫૦૦/- ધ્યાને લેતા (૩૫૦૦ x ૩૦ / ૩૦.૦૪= ૩૪૫૪.૦૦ ) તથા ૩ વર્ષ કે તેથી વધુ વર્ષ સુધી દરેક વર્ષ માટે ઓછામાં ઓછા ૨૪૦ દિવસ કામ કરેલ હોય , તેવા રોજમદાર કર્મચારીઓને કાલ્પનિક વેતન ધ્યાને લીધા સિવાય રૂ/- ૧૨૦૦/- કાલ્પનિક વેતનના આધારે (૧૨૦૦ x ૩૦ / ૩૦.૪૦ = ૧૧૮૪.૦૦ ) પૂરા બોનસ ચૂકવવા અંગે નિયમોનુસારની કાર્યવાહી અર્થે મે.પ્રાદેશિક કમિશ્નરશ્રી, સુરતને ભલામણ કરવાનું ઠરાવવામાં આવે છે.

મંજુર....

સભાનું કામકાજ પુર્ણ થતાં પ્રમુખશ્રીએ સૌનો અભાર વ્યકત કરી જણાવ્યુ કે , હવે સભાનું કામકાજ પુર્ણ થાય છે. આપણે સૌ " જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભાનું કામકાજ પૂર્ણ કરીએ....." જન ગણ મન " રાષ્ટ્રગીતથી સભા પુર્ણ થઈ....

| | |
|---|---|
| નગરપાલિકા કચેરી | (પંકજ ઠાકોરભાઈ આહીર ) |
| વલસાડ. | પ્રમુખ |
| તા:- ૧૩/૦૨/૨૦૧૯ | વલસાડ નગરપાલિકા |